## વલસાડ જિલ્લા નગર નિયોજક કચેરીમાં નકશા મંજૂરીના અભિપ્રાય આપવામાં વિલંબ

**વલસાડ** ડિસ્ટ્રિક્ટ રિયલ એસ્ટેટ ડેવલોપમેન્ટ એસોસિએશન દ્વારા વડાપ્રધાનને રજૂઆત

વલસાડઃ વલસાડ જિલ્લા નગર નિયોજક કચેરીમાં નકશા મંજૂરી માટેના અભિપ્રાય આપવામાં થઈ રહેલા વિલંબ નિવારવા વલસાડ ડિસ્ટ્રિક્ટ રિયલ એસ્ટેટ ડેવલોપમેન્ટ એસોસિએશન દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રજૂઆત કરવામાં આવી છે.

વડાપ્રધાનને કરેલી રજુઆતમાં જણાવ્યા મુજબ વલસાડ નગર નિયોજક કચેરીમાં નવા ઉદ્યોગો અને બાંધકામના નકશા મંજૂરીના અભિપ્રાયમાં અસહ્ય વિલંબ થઈ રહ્યો છે. ગુજરાતના મુખ્યમંત્રી 10 દિવસમાં અને આગળ જતાં 1 દિવસમાં સિંગલ વિન્ડો પરવાનગી આપવા પ્રયાસો કરી રહ્યા છે. ત્યારે વલસાડ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં નગર નિયોજક કચેરીમાં 4થી 6 મહિને પણ નકશાની ચકાસણી થઈ અભિપ્રાય આપવામાં અસફળ રહી છે. સાથે જિલ્લાની નગર પાલિકાઓની નવી ડીપી અને ટીપીમાં પણ અસહ્ય વિલંબ થઈ રહ્યો છે. રજૂઆતમાં જિલ્લામાં નવા ઉદ્યોગો અને પ્રોજેક્ટ જલદી શરૂ કરવા વિકસિત ગુજરાતનું સપનું સાકાર કરવું હશે, તો ઉદ્યોગો અને વેપારને પ્રોત્સાહિત કરતી નીતિ અપનાવવી પડશે.

વલસાડ નગર નિયોજક પાસે નવસારીનો પણ ચાર્જ ઉપરાત નવસારી ટી.પી.નો પણ ચાર્જ હોઈ વલસાડ અઠવાડિયામાં મંગળવાર અને શુક્રવારે આવે છે, જેને લઈ વલસાડ જિલ્લાના કામને ન્યાય આપી શકતા નથી.

### બિનજરૂરી અભિપ્રાય ન મંગાવવા જોઈએ

રાજ્યના હાલના જીડીસીઆર મુજબ રોડની કેટેગરી અને પહોળાઈ છોડવા પાત્ર માર્જીન છોડી આર્કિટેક્ટની સહીથી નકશા કચેરીમાં રજૂ કરવામાં આવેલા હોય છે. છતાં બતાવેલા લાગુ માર્ગનો આરએન્ડબી વિભાગ પાસેથી અભિપ્રાય મંગાવવામાં આવે છે, જેમાં વિલંબ થાય છે. જેથી આવા બિનજરૂરી અભિપ્રાય ન મંગાવવા જોઈએ.

## સંક્ષિપ્ત સમાચાર

### નાણામંત્રી કનુભાઈનું શિક્ષકો દ્વારા સન્માન કરાયું



વાપીઃ ગુજરાત સરકારના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ, શિક્ષણ મંત્રી કુબેર ડિંડોર અને વિધાનસભા ઉપદંડક વિજય પટેલનું જિલ્લા ફેર બદલીથી આવેલા શિક્ષકો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. જિલ્લા ફેર બદલીથી આવેલા શિક્ષકો દ્વારા ગુરુવારે નાણામંત્રી કનુભાઈ દેસાઈ, શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડિંડોર, અને વિધાનસભા ઉપદંડક વિજયભાઈ પટેલનું સન્માન કાર્યક્રમ સચિવાલયમાં કરવામાં આવ્યો હતો. સૌપ્રથમ જિલ્લા ફેર કેમ્પ નવેમ્બર મહિનામાં કરવામાં આવ્યો હતો, જેમાં ૫૦ ટકા સિનિયર શિક્ષકો અને ૫૦ ટકા અગ્રતાના કિસ્સામાં કરવામાં આવતાં વલસાડ જીલ્લામાં અગ્રતાના ઉમેદવારો ઓછા હોવાને લીધે બાકી રહેતી જગ્યા ખાલી રાખવામાં આવી હતી. ૧૫ વર્ષથી વધુ સમયથી જિલ્લા બહાર ફરજ બજાવતા શિક્ષકો રહી ગયા હતા. આ દરમિયાન વાપી તાલુકાના અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના મહામંત્રી તસ્વીર પટેલ અને ઉમરગામ ઉપાધ્યક્ષ અંકુર માહલા દ્વારા વાપી, ઉમરગામ તાલુકાના શિક્ષકોના પગાર નિયમીત સમયમાં કરવામાં આવે એ બાબતે નાણામંત્રીને જાણ કરતાં નાણામંત્રી દ્વારા તાલુકા વિકાસ અધિકારીને ટેલિફોનીક જાણ કરતાં તાલુકા વિકાસ અધિકારીએ સમયસર પગાર કરવામાં આવશે એમ કહેવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિપુલ રાઉત, ગિરીશ પટેલ, મહેશ ધૂમ, જિલ્લા ફેર બદલીથી આવેલા શિક્ષકો હાજર રહ્યા હતા.

### વાપી રેમન્ડ સર્કલ પાસે રાહદારીને કાર સાથે અકસ્માત

વાપીઃ વાપી જીઆઈડીસી રેમન્ડ સર્કલ પાસે પૂરપાટ ઝડપે દોડી રહેલી કારની ટક્કર રાહદારીને લાગતાં ઈજાગ્રસ્ત બન્યો હતો. અકસ્માત બાદ કારચાલક વાહન છોડી ભાગી છૂટ્યો હતો. આ બનાવ અંગેની ફરિયાદ વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં થઈ હતી.

### કરવડથી પરિણીતા પુત્ર સાથે ગુમ થતાં ફરિયાદ

વાપીઃ મૂળ ઉત્તરપ્રદેશ અને હાલ વાપી નજીકના ડુંગરા, ડુંગરી ફળિયામાં વિજય ચૌહાણની ચાલમાં હારૂન તૌવાબ ખલીલ અન્સારી પત્ની શહનાજ (ઉં.આ.30) અને પુત્ર અમન (ઉં.આ.3) સાથે રહે છે. દંપતી મજૂરીકામ કરે છે. ગત તા.28-7-25ના રોજ પત્ની શહનાજ પુત્ર અમન સાથે કરવડ, નૂરકાંટાની પાછળ, અકબાલના ગોડાઉનમાંથી કોઈને પણ કહ્યા વગર ક્યાંક ચાલી ગઈ છે. આ ગુમ થયાની જાણ હારૂન અન્સારીએ વાપી ડુંગરા પોલીસ મથકમાં કરી હતી.

### વાપીના પંડોરમાં ઓવરટેકની લ્હાયમાં ટેમ્પોએ ટક્કર મારતાં બાઈકચાલક યુવકનું મોત

વાપીઃ પારડી તાલુકાના અંબાચ ગામમાં રહેતા હિતેશ વિષ્ણુ પટેલ (ઉં.42)ની ફરિયાદ મુજબ પંડોર એગ્રો સેન્ટરની બાજુમાં રાતાથી પંડોર જતા મુખ્ય માર્ગ પરથી પસાર થઈ રહેલા તેમના કુટુંબીભાઈ મનોજના પુત્ર રોનક (ઉં.આ.23)ની બાઈકને એક ટેમ્પોએ ટક્કર મારી હતી. તેને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. 108 એમ્બ્યુલન્સ દ્વારા વાપી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જયાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો.

### બગવાડા ટોલનાકે 2.54 લાખના દારૂ સાથે પારડીનો બુટલેગર ઝડપાયો, બે વોન્ટેડ

પારડીઃ પારડીના બગવાડા ટોલનાકા હાઇવે પર પોલીસે રૂ. 2.54 લાખના દારૂ સાથે બુટલેગરને ઝડપી પાડ્યો હતો. વલસાડ એલસીબીની ટીમે બાતમીના આધારે બગવાડા ટોલનાકા નેશનલ હાઇવે નંબર 48 પર વોચ ગોઠવી હતી. બાતમી મુજબની કારને રોકી તપાસ કરતા દારૂની બોટલ નંગ 580 કિં.રૂ. 2.54 લાખનો દારૂ મળી આવ્યો હતો. સાથે જ GJ 05 RV 5295 વાળી અન્ય બે નંબર પ્લેટ પણ મળી આવી હતી.

પોલીસે કારચાલક દર્પણ ઉર્ફે લાલી જયેશ પટેલ (રહે. વેલપરવા પારડી)ને ઝડપી પાડ્યો હતો. જ્યારે બંકિમ હસમુખ પટેલ (રહે. ડકી પારડી) તથા અન્ય એક ઈસમને વોન્ટેડ બતાવ્યા છે. પોલીસે દારૂનો જથ્થો, કાર, મોબાઈલ સહિત કુલ 7.60 લાખનો મુદ્દામાલ કબજે કરી પારડી પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### વાપીના બલીઠાથી પોલીસે XUVમાંથી 2.53 લાખનો દારૂ ઝડપી પાડ્યો, ડ્રાઈવર-ક્લીનર ફરાર

વાપીઃ વાપી બલીઠાથી એલસીબી ટીમે XUV કારમાંથી રૂ.2.53 લાખનો દારૂ જથ્થો ઝડપી પાડયો હતો. એલસીબીની ટીમે બાતમીને આધારે ચલા પોલીસ ચેકપોસ્ટ પર વોચ ગોઠવી બાતમીવાળી XUV કાર આવતા તેને ઊભા રહેવા ઈશારો કર્યો હતો. જો કે, કારચાલકે તુરંત જ યુ-ટર્ન મારી ચલા મુકતાનંદ માર્ગ તરફ હંકારી દીધી હતી. પોલીસે કારનો પીછો ચાલુ કર્યો હતો. કાર બલીઠા રેલવે ફાટક પાસે પહોંચી, પરંતુ ફાટક બંધ હોવાથી ફરીથી કાર યુટર્ન કરી ગ્રામપંચાયત બલીઠા તરફ હંકારી મૂકી હતી. કોઈ રસ્તો ન બચતા શકિતનગરમાં દિપક સુરતીના ઘરની સામે કાર છોડી કારચાલક અને કલીનર ભાગી છૂટયા હતાં. પોલીસને કારમાંથી દારૂ-બીયરનો રૂ.2,53,824નો જથ્થો મળી આવ્યો હતો. XUV કાર, દારૂનો જથ્થો મળી કુલ રૂ.17.53 લાખનો મુદ્દામાલ કબજે કરી વાપી ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

## આર્થિક સ્થિતિ લથડતાં વલસાડ મહિલા બેન્ક હવે લોન નહીં ભરનારા ગ્રાહકોની મિલકતો જપ્ત કરશે

**બેન્કના** હોદ્દેદારોએ લોન ડિફોલ્ટર્સ માટે ચેતવણી જાહેર કરી, ચેક બાઉન્સ, મિલકત જપ્તી સહિતની કાર્યવાહીની ચીમકી

વલસાડઃ વલસાડ મહિલા નાગરિક સહકારી બેંક લિ.એ લોન નહીં ભરનારાઓ સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, મેનેજમેન્ટ અને પેનલ વકીલે આજે એક પત્રકાર પરિષદ યોજીને આ અંગેની વિગતો આપી હતી.

બેંકની આર્થિક સ્થિતિ સુધારવા માટે લોનધારકો સામે કાનૂની પગલાં લેવામાં આવી રહ્યા છે, જેના પરિણામે ગત વર્ષે રૂ.20 કરોડથી વધુની રિકવરી કરવામાં સફળતા મળી છે. જેની સામે ગ્રાહકોને પૈસા પણ આપી રહી છે. તેમના દ્વારા લોન નહીં ભરનારા 2 લોનધારકની મિલકત જપ્તી થઈ રહી છે, જ્યારે અન્ય 14 સામે કાર્યવાહી ચાલી રહી છે.

બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં ચેરમેન ભુવનેશ્વરી દેસાઈ, એમ.ડી. જસ્વીકા દેસાઈ, વાઈસ ચેરમેન કુંદનબેન ગાંધી મેનેજર સોનલ દેસાઈ અને વકીલ શાહિન ખાને જણાવ્યું કે, હાલ બેંકની આર્થિક સ્થિતિ કેટલાક લોનધારકો દ્વારા લોન નહીં ચૂકવાતા નબળી પડી છે.

આથી, ખાતેદારો હાલમાં અઠવાડિયામાં માત્ર રૂ. 10,000 સુધીની રકમ જ ઉપાડી શકે છે. તમામ ગ્રાહકોને બેંક પૈસા આપે છે, જેની એફડી પાકે એને રૂ. 25 હજાર સુધીનો ઉપાડ આપી રહી છે.

### લોનધારકો સામે કડક કાનૂની પગલાં, બેન્કે સેશન્સ કોર્ટમાં જઈ ડિફોલ્ટરનાં જામીન રદ કરાવ્યાં

બેંકે આ સ્થિતિ સુધારવા માટે કડક કાર્યવાહી શરૂ કરી છે. લોન નહીં ભરનારા બાબુ જયેશસિંહ ઠાકુરના જામીન રદ કરવા માટે બેંકે સેસન્સ કોર્ટમાં અરજી કરી હતી, જે મંજૂર થતાં તેમના જામીન રદ થયા છે. આવા જ કડક પગલાં અન્ય લોનધારકો સામે પણ લેવામાં આવી રહ્યા છે.

### ચેક બાઉન્સના 40 કેસ ઉપરાંત મિલકત જપ્તીની કાર્યવાહી પણ ચાલુ

બેંકે વધુમાં જણાવ્યું કે, લોન નહીં ભરનારા 40 ગ્રાહક સામે નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ ચેક બાઉન્સના કેસ દાખલ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. આ ઉપરાંત, લોનધારકોની મિલકતો જપ્ત કરવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે. બેંક પોતાની થાપણો વધારવા અને આર્થિક સ્થિતિને પાટા પર લાવવા માટે કમર કસી રહી છે.

## નામધામાં 4 વર્ષના બાળકને અકસ્માત રક્ષાબંધન પૂર્વે જ બહેને ભાઈ ગુમાવ્યો

**ભાઈ**-બહેન પાણી પીવા માટે ગયાં હતાં, અકસ્માત થતાં બાઇક પર બેસાડી બાળકને હોસ્પિટલ લઈ જવાયો, જીવ ન બચ્યો

વાપીઃ વાપી નજીકના નામધા ચીકુવાડી પાસે રેલવેની દીવાલ બનાવવાના કામમાં માતા-પિતા જોતરાયેલા હતાં અને તેના બે સંતાન (ભાઈ-બહેન) નજીકમાં પાણી પીવા માટે ગયાં હતાં. તે સમયે વાહનની અડફેટે 4 વર્ષીય પુત્ર આવી જતાં ઈજાગ્રસ્ત બન્યો હતો અને તેને સારવાર માટે ચલા અને ત્યારબાદ વલસાડ સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો, જ્યાં તેનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગેની ફરિયાદ વાપી ટાઉન પોલીસ મથકમાં કરવામાં આવી હતી.

વાપી ટાઉન પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર મૂળ મધ્યપ્રદેશ અને હાલ વાપી નજીકના નામધા, ચીકુવાડી, મોટા ગરનાળા સામેના રેલવે વોલ પાસે પતરાના ઝૂપડામાં દિલીપ ભુવાનસિંહ અનારે પરિવાર સાથે રહી મજૂરીકામ કરે છે. તેનો મોટો પુત્ર સુકરામ (ઉં.આ.4) અને 3 વર્ષીય પુત્રી છે.

ગત તા.7-8-25ના રોજ મોટા ગરનાળા પાસે રેલવેની દીવાલ બનાવવાનું કામકાજ કરતાં હતાં. સાંજે આશરે સાડા ચારેક વાગ્યાના સુમારે પુત્ર સુકરામ અને પુત્રી સામે આવેલી શક્તિ સ્કાયલાઈનની સાઈટ પર પાણી પીવા ગયાં હતાં. જે બાદ પુત્રી રડતી-રડતી આવી હતી અને અકસ્માત વિશે પિતાને કહેતા તેઓ ત્યાં પહોંચ્યા તો પુત્રને સૂવડાવેલો હતો અને તેને કમર અને પીઠના ભાગે ઈજા હોવાથી તેને સારવાર માટે રાહદારીની બાઈક પર બેસાડી ચલા સરકારી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાંથી વધુ સારવાર માટે વલસાડ સિવિલ હોસ્પિટલ 108 એમ્બ્યુલન્સ દ્વારા ખસેડ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો.

આ બનાવ બાદ પિતા દિલીપ અનારેએ અજાણ્યા વાહનચાલક સામે વાપી ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

## વાઘલધરા હાઈવે પર રૂ.7.15 લાખના દારૂ ભરેલી પિકઅપ સાથે ચાલક ઝડપાયો, બે સપ્લાયર વોન્ટેડ

વાપી/વલસાડઃ ડુંગરી પોલીસે પેટ્રોલિંગ દરમિયાન બાતમીને આધારે વાઘલધરા ચોકી સામે, ને.હા.નં.48 પર વોચ ગોઠવી હતી અને બાતમીવાળી પીકઅપ આવતા તેને અટકાવી તપાસ કરતા તેમાંથી પાસપરમીટ વિનાનો વિદેશી દારૂ-બીયરનો જથ્થો (અંદાજીત કિંમત 7,15,680/-) મળી આવ્યો હતો. પીકઅપચાલકનું નામઠામ પૂછતા મોઈઝ જુઝરભાઈ ચિત્તલવાલા (ઉં.26, રહે. આટીયાવાડ,દમણ) હોવાનું અને આ જથ્થો સેલવાસના સંજય અને અમિતે ભરાવી આપ્યો હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે દારૂનો જથ્થો, પીકઅપ વાહન, બે મોબાઈલ ફોન મળી કુલ રૂ.11,21,180/-નો મુદ્દામાલ કબજે કરી ગુનો નોંધ્યો હતો.

## કપરાડાની સિયોન સ્કૂલમાં ધો.9-10ની શાળા ગેરકાયદે, સંસ્થાના પ્રમુખ અને ટ્રસ્ટીઓ વિરુદ્ધ ફોજદારી

**રાજ્ય** સરકારની મંજૂરી વિના શાળા અમાન્ય રીતે શરૂ કરાઈ હોવાનું બહાર આવતાં પોલીસમાં ફરિયાદ આપવામાં આવી

**ઓઝરના** સિયોન સુવાર્તિક ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત સિયોન એજ્યુકેશન ઈન્સ્ટિટ્યુટમાં બાળકોનો પ્રવેશ નહીં કરાવવા વાલીઓને અપીલ

વલસાડઃ સિયોન સુવાર્તિક ચેરિટેબલ ટ્રસ્ટ, ઓઝર દ્વારા સંચાલિત સિયોન એજ્યુકેશન ઇન્સ્ટિટ્યુટ, ઓઝર, તા.કપરાડા, જી.વલસાડ ખાતે ધો. ૯ અને ૧૦ માટે રાજ્ય સરકારની મંજૂરી વિના શાળા અમાન્ય રીતે શરૂ કરાઈ હોવાનું જાણવા મળ્યું છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધી નગરના પત્ર નં: મઉમશબ/શાનિ/૭૩૫૩ તાઃ ૦૭/૦૮/૨૦૨૫ના આધારે સંબંધિત સંસ્થા વિરુદ્ધ પોલીસ ફરિયાદ (FIR) નોંધાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માની સૂચના અનુસાર તથા સચિવ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા તાઃ ૨૬/૦૬/૨૦૧૮ના રોજ પ્રસિદ્ધ જાહેર નોટિસ મારફતે વાલીઓને કોઈ પણ પ્રકારની મંજૂરી વિનાની શાળાઓમાં બાળકનો પ્રવેશ ન કરાવવા જણાવ્યું છે તથા આવી શાળાઓ સામે ફોજદારી રાહે પગલા લેવા સૂચના આપવામાં આવી છે. આ બાબતને ધ્યાને લઇ, જિલ્લા શિક્ષણાધિકારી, વલસાડ ડો.રાજેશ્રી એલ. ટંડેલના માર્ગદર્શન હેઠળ, કચેરીના શિક્ષણ નિરીક્ષક જી.એફ. લુહાર દ્વારા, ભારત ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમોઃ ૩૧૮(૪), ૩૩૬(૨)(૩), ૩૩૮, ૩૪૦(૨), કલમ ૫૪ હેઠળ નાનાપોંઢા પોલીસ સ્ટેશનમાં એફઆઇઆર નં: ૧૧૨૦૦૦ ૫૦૨૫૧૦૬૬ નોંધાવવામાં આવી છે. જેથી સદર સંસ્થામાં ધો.૯ અને ૧૦માં કોઇપણ વાલીઓએ પોતાના બાળકોનો પ્રવેશ કરાવવો નહિ.

આ કાયદેસરની કાર્યવાહીનો મુખ્ય હેતુ વાલીઓ તથા વિદ્યાર્થીઓના હિતોની રક્ષા કરવાનો અને શૈક્ષણિક વ્યવસ્થામાં પારદર્શિતા જાળવવાનો છે. જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે કે તેઓ બાળકોના પ્રવેશ પહેલા શાળાની માન્યતા અવશ્ય ચકાસે અને જો કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ જણાય તો જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી કે નજીકના પોલીસ મથકે જાણ કરે.


આજે રક્ષાબંધનના પાવનપર્વે શોરૂમ બંધ રહેશે
આવતી કાલે (રવિવારે) શોરૂમ ચાલુ રહેશે
આર. એ. પરીખ જ્વેલર્સ આંતલીયા, બીલીમોરા (પૂર્વ) મો.9825558181


## વલસાડના વલવાડાની ગોચર જમીનમાં મોટી કંપનીઓએ કરેલું દબાણ હટાવો

**વલવાડા** ગામના લોકોએ મોટી સંખ્યામાં કલેક્ટર કચેરી પહોંચી આવેદનપત્ર આપ્યું



વલસાડઃ ઉમરગામના વલવાડા ગામની ગોચરની જમીનનો વિવાદ વધુ વક્ર બની રહ્યો છે. ગામની ગોચરની જમીનમાં વહીવટી તંત્રે ચોક્કસ લોકોનાં દબાણો દૂર કરતા લોકોમાં ભારે આક્રોશ ફેલાયો છે. તેમણે આ સંદર્ભે શુક્રવારે વલસાડ કલેક્ટરને લેખિત રજૂઆત કરી અહીંની ગોચરની જમીનમાં મોટી કંપનીઓ તેમજ કેટલાક દુકાનદારો દ્વારા થયેલાં દબાણો દૂર કેમ નથી થતા એવો પ્રશ્ન કરી તેમનાં દબાણો પણ દૂર કરવા રજૂઆત કરી છે.

વલવાડા ગામના રહીશોએ કલેક્ટરને આપેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, તેમના ગામની જૂના સરવે નં.27 તથા નવા સરવે નં.445 તથા 447 વાળી જમીનમાં નાહુલી ગામના રહીશોએ ખોટી રીતે દુકાનો મકાનો ભાડી આપી ગોચરની જમીનમાં દબાણ કર્યાં છે. તેમજ કેટલીક મોટી મોટી પ્રાઈવેટ લિમિટેડ કંપની એ પણ ગોચરની જમીનમાં પાકા રસ્તા બનાવી કબજો કર્યો છે. તેમણે વધુમાં જણાવ્યું કે, ગામની ગોચરની જમીનમાં ઈલેક્ટ્રોપેક, શૈલેષ એન્જિનિયરિંગ વર્ક્સ, નેશટેક ઈન્સ્ટ્રુમેન્ટ પ્રા. લિ., નાઈશપેક ઈન્ડસ્ટ્રિઝ, આર્ચર્સ ફાર્મ ઈન્ડસ્ટ્રિઝ પ્રા.લિ., રિદ્ધિ પ્રિન્ટ પ્રા.લિ. ગ્લોબલ ફાર્મા, આશાપુરા હાઈડ્રોલિક પ્રા.લિ., શ્રી સાંઇ એન્જિનિયરિંગ, જય ગ્રાફીટેક, સોનેજી એન્જિનિયરિંગ પ્રા. લિ. જેવી કંપનીઓએ ગોચરની જમીનમાં પાકો ડામર અને આર.સી.સી. રોડ બનાવી દબાણ કરી તેનો વપરાશ કરી રહ્યા છે. તેમજ કેટલાક લોકો ગોચરની અંદાજિત 5 એકર જમીનમાં ખેતી કરી તો કેટલાક લોકો મકાનો બનાવી તેને ભાડે આપી આવક કરી રહ્યા છે. ગામના કેટલાક લોકોએ પોતાના રહેણાકમાં અવરજવર માટે ગોચરની જમીનમાં પાકો માર્ગ બનાવી દઈ દબાણ કર્યું છે. આ તમામ લોકો સામે કેમ કાર્યવાહી થતી નથી? એવા પ્રશ્ન સાથે તેમણે તેમની વિરુદ્ધ કાર્યવાહી કરવા કલેક્ટરને રજૂઆત કરી છે.

## વાપીમાં યુવકને માર મારી રૂ.61 હજારની લૂંટ

**'ગુંજન** તક જા રહા હું' કહી બાઇક પર બેસાડી લૂંટ ચલાવી

વાપીઃ બિહારથી પોલીસ કોન્સ્ટેબલની પરીક્ષા આપી પરત ફરેલો વાપીના છીરી વલ્લભનગરમાં પરિવાર સાથે રહેતો શક્તિકુમાર દિનબંધુ સીંગ તા.7-8-25ના રોજ વાપી રેલવે સ્ટેશને મળસકે 4 વાગ્યે ઊતર્યો હતો. ત્યારે બાઈક ઉપર આવેલા એક ઈસમે ગુંજન તક જા રહા હું, વહાં તુમકો છીરી કી રિક્ષા મીલ જાયેગી કહેતાં શક્તિકુમાર બાઈક પર બેસી ગયો હતો. બાઈકવાળો તેને સહારા માર્કેટની ઝાડીમાં લઈ જતાં અન્ય 3 ઈસમે ભેગા મળી લાકડાં, કમરના પટ્ટા વડે યુવકને માર મારી ખીસ્સામાંથી રોકડા 6 હજાર અને મોબાઈલ કાઢી પાસવર્ડ મેળવી ઓનલાઈન રૂ.25 હજાર અન્યના ખાતામાં ટ્રાન્સફર કરી લઈ સોનાની ચેઈન મળી કુલ રૂ.61 હજાર મતાની લૂંટ ચલાવી ભાગી ગયા હતા. આ મામલે વાપી ડુંગરા પોલીસ મથકમાં યુવકે ફરિયાદ કરી હતી.


**એગ્રીકલ્ચર લેન્ડ ભાડે જોઈએ છે**

**૨૫ વર્ષના કોન્ટ્રાક્ટમાં સોલાર પ્રોજેક્ટ માટે**

ડોલવણઃ- ડોલવણ, મહુવરિયા, બામણામલદૂર, પાટી, પાઠકવાડી, સિંધાઈ (૨૨ થી ૨૫ વીંઘા)

અનેક અલગ ખેડૂતો, અલગ સર્વે નંબરવાળી અનેક જગ્યાઓ ભેગી કરીને ૨૫ વીંઘા આપી શકશે.

મોબાઈલ નંબરઃ ૯૭૧૨૩ ૯૯૫૧૬


HDFC BANK We understand your world

રજીસ્ટર્ડ ઓફિસ : એચડીએફસી બેંક હાઉસ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૧૩ અને જેની એક ઓફિસ : રીટેઈલ પોર્ટફોલીયો મેનેજમેનેજમેન્ટ તરીકે : એચડીએફસી બેંક લિ. ૧લો માળ,આઈ-થીંક ટેકનો કેમ્પસ કાંજુરમાર્ગ (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૪૨ ખાતે છે.

**એચડીએફસી બેંક લિમિટેડને ગીરવે મુકેલી સિકયોરિટીઝના વેચાણ માટેની માહિતી અને જાહેર સૂચના**

**એચડીએફસી બેંક લિમિટેડ** (બેંક) ના નીચે દર્શાવેલ લોનધારકોને બેંક પાસે સિક્યોરિટીઝ સામે લોન / ઓવરડ્રાફ્ટની ક્રેડિટ સુવિધાઓ મેળવવા ગીરવે મુકેલી સિક્યોરિટીઝના વેચાણ અંગે સૂચિત કરવામાં આવે છે.

લોનની શરતો અનુસાર બાકી લેણાંની ચુકવણી કરવામાં લોન લેનારાઓ દ્વારા સતત કસુર થવાના કારણે, નીચેના લોન ખાતા અપરાધની સ્થિતિમાં છે. બેંક દ્વારા આ લોનધારકોને વારંવાર નોટીસો જારી કરી છે, જેમાં નીચે દર્શાવેલ તારીખે અંતિમ વેચાણની નોટીસનો સમાવેશ થાય છે. જેમાં નીચે જણાવેલ ખાતાઓમાં બાકી રહેલ તમામ લેણાંની ચુકવણી કરવા માટે લોન લેનારને ૭ **દિવસ**નો સમય આપ્યો હતો, લોન લોનાર જેમાં નિષ્ફળ થયા હોવાથી આ સંબંધમાં વધુ નોટીસ આપ્યા વિના ગીરવે મુકેલી સિકયોરિટીઝ વેચવા માટે બેંક સ્વતંત્ર હશે.

લોન લેનારાઓએ અવગણના કરી છે અને બાકી ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયા છે, તેથી બેંક દ્વારા લોન કરાર હેઠળ તેના અધિકારોનો ઉપયોગ કરી **તા.૧૬ મી ઓગષ્ટ ૨૦૨૫** ના રોજ અથવા તે પછી લોન લેનારાઓની લોનના બાકી લેણાંની વસૂલાત માટે સિકયોરિટીઝનું વેચાણ / નિકાલ કરવાનો નિર્ણય લીધો છે. લોન લેનારાઓને પણ સૂચિત કરવામાં આવે છે કે, જો કોઈપણ સમયે, માર્જીનની જરૂરિયાતમાં શેરબજારની અસ્થિરતાને કારણે વધુ ઉણપ ઉભી થાય અને ગીરવે મુકેલી સિકયોરિટીઝનું મૂલ્ય વધુ ઘટે તો બેંક આ સંદર્ભમાં વધુ સૂચના આપ્યા વિના તેની વિવેકબુદ્ધિથી ગીરવે મુકેલ સિકયોરિટીઝને એક(૧) કેલેન્ડર દિવસની અંદર વેચશે. ગીરવે મુકેલી સિકયોરિટીઝના વેચાણમાંથી મળેલ રકમના એડજસ્ટમેન્ટ બાદ, બેંકને બાકી રહેલી રકમની ચૂકવણી કરવા માટે લોન લોનાર જવાબદાર રહેશે.

| અ. નં. | લોન ખાતા નંબર | દેવાદારનું નામ | ૬ થી ઓગષ્ટ ૨૦૨૫ ના રોજની બાકી રકમ | વેચાણ નોટીસની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | XXXX1571 | સંદિપભાઈ રંજીતભાઈ પટેલ | ૪૭,૮૨૧.૦૦ | ૦૭-૦૮-૨૦૨૫ |

તા. : ૦૯.૦૮.૨૦૨૫ સહી/-
સ્થળ : દાદરા અને નગર.હવેલી અને દમણ અને દીવ એચડીએફસી બેંક લિ.

